**<u>મે. ગોધરા ખાતેનાં મજુર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ, મુ.ગોધરા.</u>**

**રેફરન્સ(ટી)અ.નં.૩૬૧/ ૨૦૨૪**
**આંક : ૦૯**

**પ્રથમ પક્ષકાર :** (૧) અધિક્ષક ઈજનેરશ્રી,
પાનમ યોજના વર્તુળ,કલેકટર કચેરી પાછળ,
ગોધરા,તા.ગોધરા,જી.પંચમહાલ.

(૨) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,
ભાદર નહેર વિતરણ પેટા વિભાગ,
લુણાવાડા,તા.લુણાવાડા,જી.મહીસાગર.

**– :: વિરુધ્ધ :: –**

**બીજા પક્ષકાર :–** શ્રી માલીવાડ કાળુભાઈ ભાથીભાઈ
માલીવાડ ફળીયુ,મુ.કાંકરીમહુળી,
પો.આકલીયા,તા.કડાણા,જી.મહીસાગર.
C/O ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન,
સર્વોદય સોસાયટી, કોર્ટ સામે,કાલોલ,
તા.કાલોલ,જી.પંચમહાલ.

**વિષય :–** **ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦ (૧) હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

**પ્રતિનિધિત્વ :–**

પ્રથમ પક્ષકારો તરફે :– વિધ્વાન ડી.જી.પી. શ્રી આર.એસ.ઠાકોર

બીજા પક્ષકાર તરફે :– વિધ્વાન પ્રતિનિધિશ્રી એસ.એ.ભોઈ

**– :: એવોર્ડ ::–**

(૧) મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાએ **તા.૧૦/૧૦/૨૦૨૪** થી શ્રમ અદાલત, ગોધરાને તેમના હુકમ નંબર કે. એચ. /એસ. એચ. એમ. સી./ગો./**૮૨૦૭** થી અત્રેની મજુર અદાલત, ગોધરાને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચી નીચે મુજબ છે.

**– :: અનુસુચિ :: –**

શ્રી **માલીવાડ કાળુભાઈ ભાથીભાઈને** તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

(૨) સદર કામના બીજા પક્ષકારે **આંક–૦૮** થી વીડ્રો પુરસીસ રજુ કરી જણાવેલ છે કે તેઓ સદર કેસ આગળ ચલાવવા માંગતા ન હોઈ સદર કેસ પાછું ખેંચી લેવા વીડ્રો પુરસીસ રજુ કરેલ છે. જે કામે નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

સાંભળ્યા, સદર કામે બીજા પક્ષકાર કામદારને હાલનો રેફરન્સ કેસ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવે છે. જે અન્વયે અત્રેની લોક અદાલતમાં સદર કેસ ફેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**તારીખ : ૧૧/૦૭/૨૦૨૬**
**સ્થળ : ગોધરા.**

**(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)**
**Code: GJ 01461**
**પ્રિસાઈડીંગ ઓફીસર**
**મજુર અદાલત, ગોધરા.**